મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૪ ટકા

ગાંધીનગર તાપમાન

ઈન્ટરનેશનલ પરેડ - વિવિધતામાં એકતાનું અનોખુ પ્રદર્શન!

૨૭ દેશોના ૧૨૦૦થી વધુ અનુયાયીઓએ રજૂ કરેલા વિવિધ સંસ્કૃતિ દર્શાવતા રથ બન્યા આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા.૧૮

પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનો સમન્વય કરતું શહેર એટલે સાબરમતી નદીના કિનારે આવેલું આપણું અમદાવાદ અને અમદાવાદથી માત્ર ૧૯ કિલોમીટર દૂર અડાલજમાં ઉભી થઈ ગઈ છે, 'જોવા જેવી દુનિયા' જેમાં ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો અનેરો સમન્વય જોવા મળે છે. દેશ વિદેશના અનુયાયીઓએ સાથે મળીને ઉજવેલો પરમ પૂજય દાદા ભગવાનનો ૧૧૧મો ભવ્યાતિભવ્ય જન્મ જયંતિ મહોત્સવ એટલે આ જોવા જેવી દુનિયા અને તેમાં ભારત સહિત વિશ્વભરના લગભગ ૩૦ દેશોના ૩૦૦૦થી વધુ એન.આર.આઈ અને ફોરેનર્સ જુદા જુદા દેશ, સંસ્કૃતિ, ભૂગોળ, રહેણીકરણી અને વાતાવરણમાંથી આવતા હોવા છતાં દાદા ભગવાનની જન્મજયંતિના પ્રસંગે એક અને

અભેદ છે, તેનું આદર્શ ઉદાહરણ પુરું પાડે છે મુખ્ય બે આકર્ષણો, ઈન્ટરનેશનલ પરેડ અને ઈન્ટરનેશનલ વિલેજ.

ઈન્ટરનેશનલ પરેડમાં ભારત સહિત જુદા જુદા ૯ રિજિયન જેમ કે નોર્થ અમેરિકા, લેટિન, યુ.કે. આફ્રિકા, યુ.એ.ઈ., યુરોપ, સાઉથ ઈસ્ટ એશિયા અને પેસિફિકના દેશોના લગભગ ૧૧ રથ બન્યા હતા. દરેક રિજિયનના લગભગ ૨૭ દેશોના વિશેષ સ્થાપત્યો, કળા, સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે દાદાશ્રીના મૂલ્યોને સાંકળતું યુનિક પ્રદર્શન થયું હતું. જેમાં વિદેશમાં વસતા કુલ ૧૨૦૦ ભારતીયો અને ફોરેનર્સ એ ભાગ લીધો હતો. ૧૬ નવેમ્બરની સાંજે ૪.૩૦ કલાકે ત્રિમંદિરના પ્રાંગણમાં અંબા સ્કૂલથી લઈને દાદાનગર મેદાન સુધીનું ૧.૫ કિલોમીટર અંતર કાપતા લાગે કે જાણે સાત સમંદર પાર કરી નાખ્યા હોય! પુષ્પોથી સજ્જ પરમ પૂજય દાદા ભગવાનની અક્રમ ગાડી, આફ્રિકાના સવાનાના જંગલો, અમેરિકાના પ્રખ્યાત સ્થળો અને ઈમારતો, દુબઈનું રણ, ઊંટ અને બુર્જ ખલીફા, જર્મનીનું પ્રખ્યાત કોલોન ચર્ચ, ઈસ્ટએશિયાના ડ્રેગન અને પરંપરાગત રહેઠાણ, પેસિફિક દેશોના ઓપેરા હાઉસ, જીવંત જવાળામુખી પર્વત, લેટિન અમેરિકાની સેન્ટ જોનના બોનફાયર ઉત્સવની ઉજવણી, યુકેના ઐતિહાસિક રોયલ મહેલો અને ભારતની બિનસાંપ્રદાયિકતાના સુંદર રથો સેવાર્થીઓ હંકારતા હતા અને સાથે તેમના લોકસંગીત અને લોકનૃત્યના માધ્યમથી દાદા ભગવાનના ૧૧૧મા જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા અંતે દાદાશ્રીની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ કરાવતી પાલખી અને જન્મદિવસની મોટી બર્થ ડે કેકનો રથ શણગારેલો હતો.

આ ઉપરાંત, આ દુનિયામાં ઈન્ટરનેશનલ વિલેજ ઉભું કરવામાં આવ્યું છે. જેમાં વિશ્વભરના જુદા જુદા દેશોમાં દાદા ભગવાન પરિવારની શરૂઆત થઈ ત્યારથી લઈને આજ દિન સુધી જગતકલ્યાણના હેતુથી થતી વિવિધ સત્સંગ પ્રવૃત્તિઓ, તેમનો વિકાસ, ઈતિહાસ અને તેની સાથે સંકળાયેલી રસપ્રદ વાતો તેમજ આંકડાઓનું પ્રદર્શન થયું છે.

દિવાળી બાદ પણ બજારો સુમસામ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના બજારો દિવાળી બાદ પણ સુમસામ લાગી રહ્યા છે.સામાન્ય દિવસોમાં રહેતી હતી તેટલી ઘરાકી પણ હાલના સમયે ના રહેતા વેપારીઓને દુકાનમાં શાંતિથી બેસવાનો વારો આવ્યો છે. હજ્જારો રૂપીયાનો વેપાર કરતા વેપારીઓ સવાર થી સાંજ બેસીને ઘરે જતા નજરે પડે છે. નગરના સેકટર-૨૧, ૨૪ અને સેકટર-૭ સહિતના બજારો ગ્રાહકો વિના સુમસામ બન્યા છે.

નવરાત્રી બાદ દિવાળીની ખરીદી શરુ થતા વેપાર-ધંધામાં તેજી જોવા મળે છે. દિવાળીના દિવસોમાં ગ્રાહકોથી દુકાનો ઉભરાતી હોય છે. રોજના લાખો રૂપીયાનો વેપાર કરતા વેપારીઓ નજરે પડે છે. દિવાળીની મોડીરાત સુધી બજારો ધમધમતા હોય છે. પરંતુ નવા વર્ષથી મોટાભાગના વેપારીઓ લાભ પાંચમ સુધી દુકાનો બંધ રાખે છે. લાભ પાંચમ સુધી દુકાનો બંધ રહેતા બજારમાં ગ્રાહકોની પાંખી હાજરી જોવા મળે છે. વેપારીઓ પાચ દિવસ વેપાર-ધંધા બંધ રાખીને દિવાળીના દિવસોમાં ફરવા જતા હોય છે. ત્યારબાદ લાભ પાંચમથી દુકાનો નિયમિત શરુ થઈ જતા બજારમાં તેજી જોવા મળે છે. સામાન્ય દિવસો રહેતી હોય તેટલા પ્રમાણમાં ઘરાકી રહેતી હોય છે, પરંતુ દિવાળીના દશ દિવસ વિતવા છતા શહેરના બજારો હજુ સુધી ધમધમતા થયા નથી. સામાન્ય દિવસો દરમિયાન જેટલો વકરો પણ હાલના સમયે થતો નથી. શહેરના બજારોની દુકાનોનો પ્રારંભ થઈ ગયો છે. પરંતુ બજારમાં ગ્રાહકો ના દેખાતા બજારો સુમસામ લાગી રહ્યા છે. જયારે બીજી તરફ ખાણીપીણી બજારમાં ભારે તેજી જોવા મળી રહી છે. હોટલ-રેસ્ટોરન્ટમાં હાઉસફુલના પાટીયા લાગેલા જોવા મળે છે. જયારે શહેરના બજારો સુમસામ બનતા વેપારીઓને સવારથી સાંજ સુધી બેસી રહેવાનો વારો આવે છે. દિવાળીના દશ દિવસ વિત્યા છતા હજુ સુધી બજારો ધમધમતા થયા નથી. સામાન્ય દિવસો જેટલી પણ ઘરાકી બજારમાં જોવા મળતી નથી. ત્યારે ગ્રાહકોથી બજાર ધમધમતા થાય તેની રાહ જોઈને વેપારીઓ બેઠા છે.

સેકટર-૩ બી માં ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી માં ગટર ઉભરાવવાનો સિલસિલો ફરીવાર શરુ થયો છે. ગટર ઉભરાતી

હોવાથી વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. રહેણાંક વિસ્તારની ગટરો બેક મારતા ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. જયારે ગંદા પાણીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા રહીશોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે સેકટર-૩ બી ના રહેણાંક વિસ્તારના રહીશોએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરીને પરંતુ હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે ઉભરાતી ગટરો ક્યારે બંધ થશે તેની રાહ જોઈને સ્થાનિક વસાહતીઓ બેઠા છે.

ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. અગાઉ ગટરો ઉભરાતી હોવાથી તંત્ર દ્વારા ગટર લાઈનનું સમારકામ હાથ ધરાયું હતું. ત્યારબાદ નવા સેકટરોમાં ગટરના પાણી પાછા ફરતા હોવાની ફરિયાદો બંધ થઈ ગઈ હતી. ત્યારે ગાંધીનગરના સેકટર-૩બી ખાતે પ્લોટ નં.૨૫૦ થી ૨૭૦ ની આસપાસના રહેણાંક વિસ્તારમાં ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવ્યા છે. રહેણાંક વિસ્તારમાં બહાર વાસણ કે કપડા ધોવા માટે કરેલી ચોકડીમાં ગટરના પાણી ઉભરાતા મહિલાઓ ત્રાહીમામ પોંકારી ઉઠે છે. ગટર ઉભરાતી હોવાથી ઘરના કામ થતા નથી. જયારે વાસણ કે કપડા ધોવા માટે અન્ય બાજુની સોસાયટીના રહેણાંક વિસ્તારમાં જવુ પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જયારે કેટલાક વસાહીતઓનું કહેવુ છે કે ગટરના પાણીની સાથે સાથે પીવાનું પાણી પણ ડહોળું આવતું હોવાની ફરિયાદ ઉભી થવા પામી છે. ગટરના પ્રશ્ને સ્થાનિક વસાહતીઓ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરવામાં આવી છે. તંત્ર દ્વારા ગટર સફાઈની કામગીરી કરવામાં આવે છે. પરંતુ થોડાક દિવસોની અંદર પાછી આ સમસ્યા ઉદભવે છે. ગટર ઉભરાતા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત સેવાઈ રહી છે. ગટરના ગંદા પાણી વચ્ચે નાગરીકોને રહેવાનો વારો આવ્યો છે, ત્યારે ઉભરાતી ગટરનું કાયમી ધોરણે નિરાકરણ આવે તેમ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.

જિલ્લામાં ચારેય તરફ છેતરપિંડીનો ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૧૮

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર વિનય શાહના કરોડોના કૌભાંડમાં ગાંધીનગરના એજન્ટોના નામ ખૂલ્યા છે. તે ઉપરાંત ગઈકાલે જ હજુ મંત્રી વાસણ આહિરના નામે તેમના સગાઓ સાથે છેતરપિંડી બહાર આવી છે. છેતરપિંડીના આ બંને કિસ્સાઓ ઉપર હજુ પોલીસ તપાસ કરી રહી છે ત્યાં ગાંધીનગર આસપાસની વધુ ત્રણ છેતરપિંડીઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગાંધીનગર જિલ્લામાં ચારેતરફ છેતરપિંડીનો ઉપદ્રવ વધ્યો છે તેમ કહેવું જરા પણ અતિશયોક્તિ નથી. બે દિવસ પહેલાં જ પેટીએમથી પેમેન્ટ કરીને ચિલોડા રોડ પરના પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલ ભરાવીને હાઈટેક ચિટરોએ બે લાખની છેતરપિંડી કરી હતી. તે ઉપરાંત વધુ ત્રણ અલગ-અલગ મોડેસ ઓપરેન્ડીથી છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

ઈન્ફોસિટી પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે જેમાં શેર બજારમાં રોકાણ કરીને પૈસા કમાવી આપવાની લાલચ આપી એક પરિવાર સાથે રૂપિયા ૧૬ લાખનો ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ છે. એક પરિવારના પાંચ ડિમેટ એકાઉન્ટ ખોલાવીને આરોપીએ દોઢ વર્ષ જેટલા સમયમાં ધીમ-ધીમે પૈસા પડાવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ગોતા રહેતા સ્વામીનાથ મહારાજદીન યાદવે નોંધાવેલી ફરિયાદ અનુસાર અમદાવાદમાં કારના શો રૂમમાં કામ કરતાં તેમના પુત્ર જતીન યાદવની મુલાકાત ગીરીરાજસિંહ નટવરસિંહ વાઘેલા સાથે ૨૦૧૬માં થઈ હતી. ગીરીરાજસિંહે કાર ખરીદ્યા પછી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. તેણે જતીનને શેરબજારમાં નાણા રોકી મહિને ૨૦ હજાર કમાવી આપવાની વાત કરતાં તેણે ડિમેન્ટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ધીરે-ધીરે પરિવારના પાંચ એકાઉન્ટ ખોલાવ્યા હતા. પરિવારે ૨૩-૫-૨૦૧૭થી ૧૭-૧૧-૧૮ સુધી એસએમસી બ્રોકરની સ્ટોક યાર્ડ નામની પેટા બ્રાન્ચ નામે તબક્કાવાર ચેક લખી આપ્યા હતા તેની સાથે ૨.૮૫ લાખ રોકડા આપ્યા હતા. માર્ચ-૨૦૧૮માં ગીરીરાજસિંહે ફરિયાદીને ગાંધીનગરમાં કુડાસણ ખાતે આવેલી સ્ટોક યાર્ડની ઓફિસે બોલાવ્યા હતા અને કહ્યું હતું કે, શેરબજાર ડાઉન છે એટલે બીજા ૨૨ લાખનું રોકાણ કરો તો શેર માર્કેટ અપ થતા તમામ પૈસા પાછા મળી જશે. પરિવારે બીજા પૈસા આપવાની ના પાડીને ૧૬ લાખનો હિસાબ માંગતા શેરબજારમાં રોકાણ જ ન કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેને પગલે આ પરિવારે ગીરીરાજસિંહ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા ઈન્ફોસિટી પોલીસે કલમ ૪૦૬ અને ૪૨૦ મુજબ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. તે ઉપરાંત ચિલોડા પોલીસમથકે એક ચિટીંગ ની ફરિયાદ નોંધાઈ છે. જેમા વેચેલી કાર પર રૂ.૨.૮૦ લાખની લોન લઈને છેતરપિંડી આચરવામાં આવી છે. અરવલ્લીનાં ધનસુરાની મહિલા લલિતાબેન દેસાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ કરાઈ રહેતા આરોપી રામજીભાઈ દેસાઈએ તેમને વેચેલી કાર પર રૂ.૨.૮૦ લાખની લોન લઈને છેતરપિંડી કરી છે. આરોપીએ ફરિયાદીને ૨૦૧૬માં ઈકો ગાડી વેંચી હતી. જેમાં ૧.૬૫ લાખ રોકડા લીધા હતા અને બાકીના હપ્તા ભરવાનું કહ્યું હતું. આરોપીએ મહિલાને વિશ્વાસમાં લઈને હપ્તા બેંકમાં સીધા નહીં પરંતુ પોતાના ખાતામાં જમા કરાવીને રૂ.૧.૨૩ લાખનું ચિટિંગ કર્યું હતું. આ સિવાય પણ તેણે બીજા ૨૭,૫૦૦ રૂપિયા રોકડા લીધા હતા. જે અંગે અગાઉ લલિતાબેને ફરિયાદી કરી હતી. જો કે, આરોપીએ કોઈ એજન્ટ પાસે ગાડીના ફોટો પડાવી લઈને રિલાયન્સ કેપિટલ ફાયનાન્સમાંથી ૨.૮૦ લાખની લોન લઈ લીધી હતી. જે અંગેની જાણ થતા મહિલાએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તો બીજી તરફ સે.૨૧ પોલીસ સ્ટેશનમાં ટાયર ખરીદીમાં ચિટીંગ મામલે ફરિયાદ દાખલ થવા પામી છે. સેક્ટર-૨૧ની અંબિકા ટાયર સર્વિસની દુકાનમાંથી ચિટરે આશુતોષ એલાઈમેન્ટમાંથી આવતો હોવાનું કહીને રૂપિયા ૫૭,૮૦૦ની કિંમતના ૧૦ ટાયર લઈ જઈ વેપારીને ચુનો લગાવ્યો હોવાની ફરિયાદ નોંધાવા પામી છે.

ટાયરના વેપારીઓને ચૂનો લગાવતો ચીટર ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૮

અલગ અલગ જિલ્લાઓમાં ટાયરની દુકાનોમાંથી ટાયર મેળવી છેતરપીડી કરનાર શખ્સને ગાંધીનગર એલસીબીએ ઝડપી પાડ્યો છે. એલસીબીને બાતમી મળી હતી કે એક શખ્સ કાર નંબર જીજે-૧૮-બીડી-૮૨૭૯માં વાહનોના ટાયર ભરીને ઉવારસદથી વાવોલ રોડ ગરનાળા પાસે ઉભો છે. જેને આધારે ટીમે તપાસ કરીને એસન્ટ કાર પકડી હતી. ટાયરો અંગે પુછપરછ કરતાં આરોપી સાગર ઉર્ફે લાલો ભરતભાઈ ઠક્કરે (રહે-ઉમાશીખર ફ્લેટ, બોરીસણા, કલોલ) સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેને પગલે તેની એલસીબીની કચેરી ખાતે લાવી ઉંડાણપૂર્વક પૂછપરછ કરતા કબુલાત કરી હતી કે તેને સેક્ટર-૨૧ની અંબિકા ટાયર સર્વિસની દુકાનમાંથી પોતે આશુતોષ એલાઈમેન્ટમાંથી આવતો હોવાનું કહીને રૂપિયા ૫૭,૮૦૦ની કિંમતના ૧૦ ટાયર લાવ્યો હતો. તેને કબુલાત કરી છે કે તેણે જુદી-જુદી દુકાનોમાં આ પ્રકારની છેતરપીડી કરી છે. આરોપી દ્વારા પાટણ, મહેસાણા, અમદાવાદ, વડોદરા, આણંદ ખાતે જુદી-જુદી દુકાનોમાં આ પ્રકારની છેતરપીડી આચરી હોવાની વિગતો ખુલી છે. અગાઉ તે ટીવી તથા મોબાઈલ છેતરપીડીના ગુનામાં અમદાવાદ સિટી ક્રાઈમ તથા એલીસબ્રીજ પોલીસ સ્ટેશન, જૂનાગઢ, રાજકોટ તથા ભૂજ પોલીસ દ્વારા પકડાઈ ચૂક્યો છે.

પેટીએમથી છેતરપિંડી કરનાર એક સગીર સહિત ત્રણની ધરપકડ

ચિલોડા ગાંધીનગર રોડ ઉપર આવેલા સરોજબા પેટ્રોલિયમ પેટ્રોલ પંપમા એક માસ્ટરમાઈન્ડ ગેંગ દ્વારા હાઈટેક પદ્ધતિથી છેતરપિંડી આચરવામાં આવી હતી. પેટ્રોલ પંપમાં પેટ્રોલ-ડીઝલ પુરાવી પેટીએમ થી પેમેન્ટ કરી પેટીએમ પેમેન્ટ સક્સેસફુલનો મેસેજ બતાવીને પેટ્રોલ પંપ માલિક સાથે બે લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. એક બોગસ એપ્લિકેશન મારફતે પેટીએમ પેમેન્ટ સક્સેસનો મેસેજ બતાવીને પેટ્રોલ-ડીઝલ પૂર આવ્યા બાદ રૂપિયા ન ભરી બે લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણમાં ચિલોડા પોલીસ દ્વારા એક સગીર સહિત ત્રણ આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે. મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ સીઆરપીએફ કેમ્પ માં ચિલોડા ખાતે રહેતો સબ ઈન્સ્પેક્ટરનો પુત્ર રોશન ત્રિભોવનનાથ શુક્લા અને મૂળ ગાજીયાબાદનો અને હાલ મોટી શિહોલી એલીગન્સ રેસિડન્સીમાં રહેતો વિપિન બ્રિજેશ કુમાર નામના બંને શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે તે ઉપરાંત તેમનો સાગરીત ૧૭ વર્ષીય બોરીજનો કાયદાના સંઘર્ષમાં આવે તો સગીર પણ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે.

ગાય માત્ર માતા નહી, આપણું જીવન છે

ગૌહત્યાથી માંડીને રખડતી પ્લાસ્ટિક ખાતી ગાયોના વિવાદોના સમયમાં અમૃતભાઈ ચૌધરી નામના ખેડૂત ૧૪ વર્ષથી ગાયના દૂધ ઉત્પાદનમાં તેમના તાલુકામાં મોખરે : ગાય પાલનના વ્યવસાયમાં પત્નિ સાથે બંને સુશિક્ષિત દિકરા પણ જોડાયા છે

ગાંધીનગર, તા.૧૮

આપણી સંસ્કૃતિમાં ગાયને માતા કહેવાય છે કારણ કે ગાય માત્ર દૂધ આપતું પશુ નથી પરંતુ માનવીને અનેક રીતે ઉપયોગી થાય છે તેમજ પર્યાવરણના જતનમાં પણ ગાયનો ખૂબ અગત્યનો ફાળો રહેલો છે. જો કે એક તરફ દેશમાં ગૌ હત્યા અંગે ઘણા બધા વાદ-વિવાદ સાથે કશમકશ જોવા મળે છે તો બીજી તરફ લગભગ દરેક શહેરમાં મુખ્ય માર્ગો પર રખડતી ગાયોનો ત્રાસ પણ એટલો જ છે. આ સાથે પશુપાલન ક્ષેત્રે કાર્યરત દૂધ ઉત્પાદકો દ્વારા ગાયોના તબેલા કરવાનું ચલણ પણ ખાસ્સું એવું વધ્યું છે જેના કારણે દૂધનો મજબૂત પુરવઠો બજારમાં ઠલવાઈ રહ્યો છે. ગાંધીનગરથી માંડ ત્રીસ પાંત્રીસ કિમીના અંતરે તાજપુર ગામના ખેડૂત અમૃતભાઈ ચૌધરીએ ગાયના દૂધના ઉત્પાદનમાં છેલ્લા અનેક વર્ષોથી એવી હથોટી જમાવી છે કે તેમને જોઈ અનેક ખેડૂતોએ પણ ગાયો ઉછેરવાનું શરુ કર્યું છે. અમૃતભાઈ અને તેમના બે સુશિક્ષિત યુવાન દિકરા સહિતના પરિવારની મહેનતના કારણે તે સતત તેમના તાલુકામાં દૂધ ઉત્પાદનમાં અવ્વલ નંબરે સ્થાન મેળવી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસેના ઓરાણ ગામની

બાજુના તાજપુર ગામના વીરાભાઈ ચૌધરી અને ગલાલબેનના ૪ દિકરા અને ૨ દિકરીઓના પરિવારમાં પાંચમા સંતાન એવા અમૃતભાઈ ધોરણ ૧૨ પાસ કર્યા પછી કોલેજ અભ્યાસ તો શરૂ કર્યો પરંતુ મન ના લાગતા મોટાભાઈ સાથે ખેતી કામમાં જોડાઈ ગયા કેમ કે પિતા તો નાનપણમાં જ ટીબીની અસરના કારણે અવસાન પામ્યા હતા તેથી માંડ ૧૧ વીઘાની જમીન પર ભાઈઓ ખેતી કરીને જ જીવન નિભાવતા હતા. સમાજના રિતરિવાજ અનુસાર બાળપણમાં જ સવિતાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાઈ ગયેલા અમૃતભાઈ સમયાનુસાર જયારે તેમના ભાઈઓથી અલગ પડયા ત્યારે ભાઈઓએ મળીને વિસ્તારેલી જમીનમાંથી ૧૮ વીઘા તેમના પરિવારને ફાળે આવી જેમાં તેઓ શાકભાજીની મુખ્ય ખેતી કરતા હતા. આ સાથે બે ભેંસ પણ તેમની પાસે હતી જેના પાલનની સઘળી જવાબદારી સવિતાબેન ઉપાડતા હતા. અમૃતભાઈએ તેમના પરિવારમાં બે દિકરાને વિજય અને અજયને અંગ્રેજી માધ્યમમાં ભણાવ્યા, જેમાંથી મોટા દિકરા વિજયે રાજકોટથી ઈલેકટ્રોનિકસ કોમ્યુનિકેશનમાં એન્જિનીયરીંગ કર્યું જયારે અજયે કોમ્પ્યુટરમાં ગ્રેજયુએશન એટલે કે બીસીએ કર્યું તેમજ પીટીસીની ડિગ્રી પણ મેળવી હતી. આ દરમિયાન અમૃતભાઈએ વૈકલ્પિક આવકના સ્ત્રોત માટે ગાયના ઉછેરનો ધંધો અપનાવવાનો પ્રયોગ કર્યો અને તેઓએ બે એચએફ બ્રીડની ગાયો વસાવી હતી.

ખેતીમાં વરસાદની અનિયમિતા, મોંઘા બિયારણ, મોંઘા મજૂર, મોંઘા ખાતર દવાઓ જેવા પડકારો સાથે ગાયોના ઉછેરનો વ્યવસાય પણ એટલો જ અઘરો અને કુનેહભર્યો હતો તેમજ જોખમી પણ હતો. આમ છતાં અમૃતભાઈ અને સવિતાબેનની મહેનત સાથે વયોવૃધ્ધ માતા ગલાલબેનના અનુભવનો ઉપયોગ કરતા ધીમે ધીમે તેમણે ગાયોની સંખ્યા વધારવા માંડી. બીજી તરફ બંને યુવાન દિકરાઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરી ચુકયા હતા પરંતુ અભ્યાસ બાદ નોકરી કરવા કરતા પિતાનો વ્યવસાય જ યોગ્ય લાગતા તેમની સાથે જોડાઈ ગયા જેમાં માતા સાથે વિજયે ગાયોની સંભાળની જયારે અજયે પિતા સાથે ખેતીકામની જવાબદારી ઉપાડી લીધી. એક સમયે આ પરીવાર પાસે ૪૭ ગાયો હતી અને તેમણે તૈયાર કરેલા તબેલામાં તેઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ગાયોનું પાલન કરી રહ્યા છે. આજે આ પરિવાર પાસે ૨૫ ગાયો અને ૧૭ વાછરડીઓ છે અને દર વર્ષે તેઓ તેમના તાલુકામાં છેલ્લા ૧૪ વર્ષથી સૌથી વધુ દૂધ ઉત્પાદક તરીકે સાબર ડેરી દ્વારા જાહેર સન્માન સાથે ચાંદીના સિક્કાનું બહુમાન પ્રાપ્ત કરી રહ્યા છે. સવિતાબેને તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત પશુપાલન મંત્રીના હસ્તે સન્માન પ્રાપ્ત કર્યા છે. આ વર્ષે તેમણે વાર્ષિક રૂ. ૨૫.૬૨ લાખ જટેલી કિંમતનું ૮૬.૯૯૭ લીટર દૂધ ભરાવી પ્રથમ સ્થાન મેળવ્યું છે જે માટે અમૃતભાઈનું તેમના સમાજના શ્રી અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલા ગાંધીનગર દ્વારા ફરી એકવાર આજે જ એટલે કે તા. ૧૮મી નવેમ્બરે ગિયોડ ખાતેના અંબાજી મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું છે. આ સન્માન પણ તેમના પુત્ર વિજયે સ્વીકાર્યું કારણ કે માત્ર મહેનતમાં શ્રધ્ધા ધરાવતા અમૃતભાઈ તો તે સમયે ખેતરમાં ટ્રેકટરથી ખેડાણ કરવાના કાર્યમાં વ્યસ્ત હતા.

અમૃતભાઈની ગાય પાલનની સફળતાથી પ્રેરિત થઈ અનેક ખેડૂતોએ પણ ગાયો પાળવી શરુ કરી છે અને તે માટે અમૃતભાઈએ તેમને જરુરી સલાહસૂચનથી માંડીને શકય હોય તેટલી મદદ પણ કરી છે કારણ કે અમૃતભાઈ માને છે કે 'ગાય માત્ર માતા જ નથી, ગાય તો આપણું જીવન છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com